# સાંઘીએ વર્ષ ૨૦૧૪નો ગ્રીનટેક એન્વાયર્નમેન્ટ એક્સેલન્સ એવોર્ડ જીત્યો

## કંપનીએ એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ અને પ્રદુષણ નિયંત્રણ માટે સતત બીજી વખત આ એવોર્ડ જીત્યો છે



ભુજ : પશ્ચિમ ભારતમાં મહત્ત્વની સિમેન્ટ કંપનીઓ પૈકીની એક એવી સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે સતત બીજા વર્ષે સિમેન્ટ ક્ષેત્રે ગોલ્ડ કેટેગરીમાં એન્વાયર્નમેન્ટ એક્સેલન્સ એવોર્ડ જીત્યો છે. એક બિન-નફાલક્ષી સંગઠન એવા ગ્રીનટેક ફાઉન્ડેશને એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ તથા પ્રદુષણ નિયંત્રણના ક્ષેત્રમાં કંપનીએ મેળવેલી સિદ્ધિ બદલ આ એવોર્ડની જાહેરાત કરી છે.

પર્યાવરણને લગતી કામગીરીમાં નોંધપાત્ર સુધારાના લીધે સળંગ બીજી વખત કંપનીને આ એવોર્ડ એનાયત કરાયો છે, જે કંપનીના રેટિંગમાં વૃદ્ધિ માટે મદદરૂપ થયો છે. આ એવોર્ડ ગુણવત્તાના કડક ધારાધોરણો, વિશ્વસનીયતાનું એક નિરાળું સીમાચિહ્ન છે અને પર્યાવરણ સુરક્ષાની વ્યવહારિક રીતોને સન્માનિત કરે છે.

આ એવોર્ડ વિશે પ્રતિક્રિયા આપતા સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિ.ના ડિરેક્ટર શ્રી આદિત્ય સાંઘીએ જણાવ્યું હતું કે, ''પર્યાવરણને લગતી જવાબદારીઓના તમામ સકારાત્મક પાસાઓના ક્ષેત્રમાં અપવાદરૂપ લક્ષ્યાંકોને માન્યતા પ્રદાન કરવા, સન્માનિત કરવા તથા પ્રોત્સાહન આપવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ પર્યાવરણ વ્યવસ્થાપન માટેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કંપનીમાં પર્યાવરણ તથા સામાજિક ક્ષેત્રની લગતી ગતિવિધિ માત્ર નિયમોના પાલન સુધી સીમિત રહી નથી, પણ કંપનીનો પ્રારંભ થયો ત્યારથી જ સાંઘીની ફિલોસોફિનો એક અભિન્ન હિસ્સો બનીને રહી છે.'' ભારત સરકારની વિવિધ સંસ્થાઓ દ્વારા પણ કંપનીને સમયે સમયે વિભિન્ન પ્રતિષ્ઠિત એવોર્ડ્સ એનાયત કરવામાં આવેલા છે, જેમાં ''એર પોલ્યુશન કન્ટ્રોલ મેઝર્સ''; ''વોટર પોલ્યૂશન કન્ટ્રોલ મેઝર્સ''; ''નોઇઝ, વાઇબ્રેશન કન્ટ્રોલ મેઝર્સ''; ''કમ્યૂનિટી ડેવલપમેટ'' તથા ''એફોરેસ્ટેશન/પ્લાન્ટેશન'' માટેના એવોર્ડ્સનો સમાવેશ થાય છે.